# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

****************************************************

1) કલકત્તા વડી અદાલતે મતગણતરી કેન્દ્રો પર નિરીક્ષક તરીકે કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિમણૂકને પડકારતી તૃણમૂલ કોંગ્રેસની અરજી ફગાવી

2) ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને નિયમન  નિયમો, 2026, આજથી અમલમાં આવ્યા

3) આજે દેશભરમાં બુદ્ધપુર્ણિમાની ઉજવણી- ગૃહમંત્રી અમિત શાહ લેહમાં તથાગત બુદ્ધના પવિત્ર અવશેષોનું પ્રદર્શન ખુલ્લુ મૂકશે.

4) આજે ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી- કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો આજથી સુરતમાં પ્રારંભ

5) IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટે હરાવ્યું.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# HC-TMC-PETITION

કલકત્તા વડી અદાલતે મતગણતરી કેન્દ્રો પર નિરીક્ષક તરીકે કેન્દ્ર સરકારના કર્મચારીઓની નિમણૂકને પડકારતી તૃણમૂલ કોંગ્રેસની અરજી ફગાવી દીધી છે. ન્યાયાધીશ કૃષ્ણા રાવે ચુકાદામાં જણાવ્યું કે ચૂંટણી પંચ પાસે રાજ્ય અથવા કેન્દ્ર સરકારના ગણતરી નિરીક્ષકો અને ગણતરી સહાયકોની નિમણૂક કરવાનો એકમાત્ર અધિકાર છે.

અદાલતે જણાવ્યું, કેન્દ્ર સરકાર અથવા કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી ગણતરી નિરીક્ષકો અને ગણતરી સહાયકોની નિમણૂકમાં કોઈ ગેરકાયદેસરતા જણાતી નથી.

# GOVT--ONLINE-GAMING-RULES-2026

ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને નિયમન નિયમો, 2026, આજથી અમલમાં આવ્યા છે. દેશમાં ઝડપથી વિકસતા ઓનલાઈન ગેમિંગ ક્ષેત્રને નિયંત્રિત કરવા આ એક મહત્વપૂર્ણ પગલું છે. નવા નિયમો નાણાં માટે ઓનલાઈન ગેમ્સ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકે છે. નિયમો આવા પ્લેટફોર્મ સાથે સંકળાયેલી રમતો અને નાણાકીય વ્યવહારોની જાહેરાત પર પણ પ્રતિબંધ મૂકે છે. આ નિયમોના ઉલ્લંઘન પર કેદની સજા અને દંડ સહિત કડક કાર્યવાહી કરાશે.

આ નિયમો ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલય હેઠળ એકીકૃત નિયમનકાર તરીકે સ્થાપિત કરે છે.

# REV. PM-CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે નવી દિલ્હીમાં 11માં હેડ્સ ઓફ મિશન કોન્ફરન્સને સંબોધન કર્યું. શ્રી મોદીએ વિદેશમાં ભારતના રાષ્ટ્રીય હિતોને પ્રોત્સાહન આપવા માટે  માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કોન્ફરન્સનું આયોજન 28 થી 30 એપ્રિલ દરમિયાન વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ઉદ્ઘાટન ભાષણ આપ્યું હતું.

ત્રણ દિવસ દરમિયાન, મિશનના વડાઓએ યોગ, મંથન સત્રો સહિત વિવિધ વિષયો  પરની ચર્ચાઓમાં ભાગ લીધો હતો.

# BUDDH PURNIMA

દેશભરમાં આજે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી રહી છે. વૈશાખી પુર્ણિમાના દિવસે સિદ્ધાર્થ ગૌતમનો જન્મ નેપાળના લુંબિનીમાં થયો હતો. બોધગયા ખાતે જ્ઞાન પ્રાપ્તિ થતાં તેઓ તથાગત ગૌતમ બુદ્ધ તરીકે ઓળખાયા.  આજનો દિવસ લોકોમાં શાંતિ, કરુણા અને સાદગીનો સંદેશ પ્રસરાવે છે.ભગવાન બુદ્ધને ભગવાન વિષ્ણુના નવમા અવતાર માનવામાં આવે છે તેથી બોદ્ધ ધર્મની સાથે હિન્દુ ધર્મમાં પણ આ દિવસનું વિશેષ મહત્વ છે. અનેક સ્થળોએ આજે વિશિષ્ટ પ્રાર્થના સભાઓ અને ધ્યાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાનનો બુદ્ધનો અપ્પો દીપો ભવ અટેલે કે પોતાનો પ્રકાશ પોતે બનો આ સંદેશ લોકોને સતત માર્ગદર્શન આપે છે.

ભારત સહિત નેપાળ, ભૂતાન, મ્યામાર, થાઇલેન્ડ, તિબેટ અને શ્રીલંકા સહિતના દેશોમાં આજનો દિવસ મુખ્ય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બુદ્ધ પૂર્ણિમાના અવસર પર નાગરિકોને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે આ પવિત્ર દિવસ ભગવાન બુદ્ધના પૃથ્વી પર આગમન, જ્ઞાન પ્રાપ્તિ અને મહાપરિનિર્વાણની યુગનિર્માણકારી ઘટનાઓને ચિહ્નિત કરે છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પોતાના સંદેશમાં કહ્યું કે, વૈશાખની પૂર્ણિમાએ ફક્ત એક તહેવાર નથી, પરંતુ આત્મચિંતન, જાગૃતિ, આધ્યાત્મિકતા અને માનવતાના માર્ગ પર સતત ચાલવાનો સંકલ્પ છે.

# AMIT SHAH - LADAKH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે લેહના ફોટાંગ ખાતે તથાગત બુદ્ધના પવિત્ર પવિત્ર અવશેષ પ્રદર્શન અને બુદ્ધ પૂર્ણિમા ઉજવણીનું ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ લેહના સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ બુદ્ધિસ્ટ સ્ટડીઝ ખાતે કારગિલમાં 10 હજાર લિટર પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતા ડેરી પ્લાન્ટનો શિલાન્યાસ પણ કરશે.

સાંભળીએ એક અહેવાલ...

(VC: લેન)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## GUJARAT STATEHOOD DAY

**ગુજરાત આજે તેના 66માં સ્થાપના દિવસની ઉજવણી કરી રહ્યું છે. આજે સાંજે સુરતમાં રાજ્ય કક્ષાની ઉજવણી અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની આગેવાની હેઠળ ભવ્ય પરેડ યોજાશે. પરેડમાં પોલીસ પ્લાટૂન, વિવિધ વિભાગોના ટેબ્લો અને બાઇક સ્ટંટ સહિતના પ્રદર્શનો યોજાશે. ત્યારબાદ ડુમસ સીફ્રન્ટ પર રાજ્યની વિકાસ યાત્રા દર્શાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.**

# VIBRANT GUJARAT

વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદની ત્રીજી આવૃત્તિ આજથી સુરતની AURO યુનિવર્સિટી ખાતે શરૂ થશે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરી અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલ ઉદ્ઘાટન કાર્યક્રમમાં ભાગ લેશે.

પ્રસ્તુત છે એક અહેવાલ....

(VC: APARNA KHUNT)

# SHIVRAJ SINGH CHOUHAN - ODISHA

કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આજે ઓડિશાની મુલાકાતે જશે. શ્રી ચૌહાણ રાયગડામાં ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ચોથા તબક્કાનો શુભારંભ કરશે, જે રાજ્યના વિકાસને મોટો વેગ આપશે. મંત્રાલયે માહિતી આપી કે આ પહેલ હેઠળ, લગભગ 1 હજાર 701 કિલોમીટરની કુલ લંબાઈને આવરી લેતા 8 હજાર 227 રોડ પ્રોજેક્ટ્સ 1 હજાર 698 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આગળ વધારવામાં આવશે.

# GOVT- EXPORT DUTY

કેન્દ્ર સરકારે આજથી શરૂ થતા પખવાડિયા માટે ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ - ATF પર સુધારેલી નિકાસ ડ્યુટી સૂચિત કરી છે. નાણા મંત્રાલયના જણાવ્યા મુજબ, ડીઝલ પર નિકાસ ડ્યુટી 23 રૂપિયા પ્રતિ લિટર, જ્યારે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ - ATF પર 33 રૂપિયા પ્રતિ લિટર ડ્યુટી લાગશે.

ઉલ્લેખનીય છે કે સ્થાનિક વપરાશ માટે મંજૂર કરાયેલા પેટ્રોલ અને ડીઝલ પરના હાલના એક્સાઇઝ ડ્યુટી દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

# TRUMP - IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકાની કાર્યવાહીએ ઈરાનની લશ્કરી ક્ષમતાઓને નોંધપાત્ર રીતે ઘટાડી દીધી છે અને કથિત સામૂહિક ફાંસીની સજાને અટકાવી છે. ઓવલ ઓફિસમાં એક કાર્યક્રમ દરમિયાન બોલતા,તેમણે ઈરાનને આંતરિક અશાંતિ વચ્ચે સામૂહિક હત્યાઓ માટે જવાબદર ઠેરવ્યું. તેમણે ઈરાન દ્વારા પરમાણુ શસ્ત્રો મેળવવાનો વિરોધ પુનરાવર્તિત કર્યો.

દરમિયાન ઈરાનના અધિકારીઓએ શ્રી ટ્રમ્પના આ પ્રતિભાવને નકારી કાઢ્યો હતો.

# UTTARAKHAND - KAILASH YATRA

ઉત્તરાખંડમાં આજથી આદિ કૈલાશ યાત્રા શરૂ થઈ રહી છે. પિથોરાગઢ જિલ્લા વહીવટીતંત્રે યાત્રાના સુચારુ સંચાલન માટે તમામ તૈયારીઓ કરી છે. નિર્ધારિત સમયપત્રક મુજબ નોંધાયેલા યાત્રાળુઓને ઇનર લાઇન પરમિટ જાહેર કરવામાં આવ્યા છે.

જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ ભટગૈને જણાવ્યું કે, યાત્રાળુઓની સલામતી અને સુવિધા માટે તમામ સંબંધિત વિભાગો અને એજન્સીઓ સતર્ક છે. તેમણે ઉમેર્યું કે યાત્રા રૂટ પર તમામ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈકાલે રાત્રે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટે હરાવ્યું. 156 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, ગુજરાત ટાઇટન્સે 25 બોલ બાકી રહેતા મેચ જીતી લીધી. અગાઉ બેટિંગ કરતાં, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 19.2 ઓવરમાં 155 રન બનાવ્યા હતા. ગુજરાત ટાઈટન્સના જેસન હોલ્ડરને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આજે, રાજસ્થાન રોયલ્સ જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

# VIRAT-KOHLI

પ્રખ્યાત ક્રિકેટ ખેલાડી વિરાટ કોહલીએ આઈપીએલ ક્રિકેટમાં આઠ હજારથી વધુ રન બનાવનાર પ્રથમ ખેલાડી બન્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમતા વિરાટ કોહલી ગઈકાલે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ સામે મેચ રમતી વખતે આ સિદ્ધિ મેળવી હતી. ગઈકાલની મેચ પહેલા કોહલીએ 231 ઇનિંગ્સમાં સાત હજાર 988 રન બનાવ્યા હતા.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોને મુખ્ય મથાળે લેવાયા છે.
- ભાજપ EVMમાં ચેડાં કરી વિજય મેળવશે એવી ધારણાથી બંગાળમાં સ્ટ્રોંગ રૂમ બહાર તૃણમૂલની ધમાલ, ના સમાચાર ગુજરાત સમાચારે પ્રથમ પાને લીધા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, MSUમાં હવે "મોદીત્વ" અને RSSની વિચારધારા ભણાવાશે.
- સંદેશ અને ફૂલછાબ લખે છે કે, ફૂડ 125 ડોલરની સપાટીએ, ચાર વર્ષની ટોચે, રૂપિયો તળિયે.
- અને નવગુજરાત સમય લખે છે કે, પરમાણુ-મિસાઈલનું રક્ષણ કરીશું, USને દરિયામાં ધરબીશું: મોજતબા.

- સ્થાનિક સમાચારોમાં મુખ્યમંત્રીના હસ્તે "વિશ્વમેળો"ના નવસંચાર વિશેષાંકનું વિમોચન, ધોળકા-બગોદરા હાઇવે પર અકસ્માતમાં 4ના મૃત્યુ, 42.4 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.

-----------------------------------